# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# TOLMAP JHUMBESH

તોલમાપ તંત્ર દ્વારા રાજ્યની 370 જેટલી સોના-ચાંદી દુકાનો અને જ્વેલરી શો રૂમ પર આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાઇ . બે અને ત્રણ જાન્યુઆરીના રોજ હાથ ધરાયેલી આ ઝુંબેશમાં 25 જિલ્લાઓમાં વિવિધ એકમો ઉપર 253 જેટલા પ્રોસિક્યુશન કેસ કરીને 6 લાખ 79 હજાર રૂપિયાની માંડવાળ ફી સ્થળ પર જ વસૂલવામાં આવી છે.

આ તપાસમાં મુખ્યત્વે અમદાવાદમાં સૌથી વધુ 61 એકમોની તપાસ સામે 22 કેસ , ભરૂચ-નર્મદામાં 27 એકમોની તપાસ સામે 25 કેસ , જૂનાગઢ-ગીરસોમનાથમાં 21 એકમોની તપાસ સામે 20 કેસ , ભાવનગર/બોટાદમાં 20 એકમોની તપાસ સામે 17 કેસ તથા સુરતમાં 20 એકમોની તપાસ સામે 14 કેસ દાખલ કરાયા છે.

. . . .

# WORLD BRAILLE DAY

આજે 4 જાન્યુઆરી એટલે કે વિશ્વ બ્રેઇલ દિવસ છે. પ્રજ્ઞાચક્ષુ લોકો માટે માનવ અધિકારોની સંપૂર્ણ અનુભૂતિમાં સંદેશાવ્યવહારના સાધન તરીકે બ્રેઇલના મહત્વ વિશે જાગૃતિ લાવવા આ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ નિમિત્તે રાજ્યમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનો માટે અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. તે અંતર્ગત અમદાવાદ સ્થિત સદવિચાર પરિવાર તેમજ સ્વ. રંજનબેન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા "સંવેદનાનો સ્વાદોત્સવ- 2026" નું આયોજન કરાયું છે, જેમાં 51 પ્રજ્ઞાચક્ષુ બહેનો વિવિધ વાનગીઓ તૈયાર કરી પ્રસ્તુત કરશે.

. . . . . . . . .

# GAGDAS OLYMPIC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વિશેષ પ્રયાસોથી એડવાન્સ પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત કરનાર ગગદાસ પરમાર ઓલિમ્પિક રમવાની મહત્વકાંક્ષા રાખે છે.   ગગદાસ રોજ સવારે  100 અને  200 મીટર દોડની તૈયારી કરી રહ્યા છે. તેમણે રાષ્ટ્રીય સ્તરે સુવર્ણ અને કાંસ્ય પદક જીત્યા છે. વાવ-થરાદ જિલ્લાના આ યુવાનને વર્ષ 2017માં વીજળીનો કરંટ લાગતાં તેમણે બન્ને પગ ગુમાવ્યા હતા. ત્યારે ગગદાસણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મદદ મળી. આ અંગે ગગદાસે વધુ માહિતી આપી.

(બાઇટ : ગગદાસ, - રમતવીર)

. . . . .

# DANG SAPUTARA

રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે શનિ-રવિની રજામાં સહેલાણીઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. સાપુતારામાં સનસેટ અને સનરાઈઝ પોઇન્ટ, બોટીંગ, પેરાગ્લાયડિંગ એડવેન્ચર એક્ટિવિટી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. રવિવારની રજા અને સાપુતારામાં સારી સવલતો હોવાને કારણે પ્રવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

. . . . .

# ARVALLI SAKHI MANDAL

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ચોઈલા ગામે મિસરી સખી મંડળની મહિલાઓ પ્રાકૃતિક સાબુ બનાવી રહી છે. અંજનાબેન પરમારના નેતૃત્વમાં આ સખીમંડળ દ્વારા પ્રાકૃતિક સાબુ બનાવાઇ રહ્યા છે. તેઓ જણાવે છે કે આજના સમયમાં બજારમાં મળતા રાસાયણિક સાબુઓ ત્વચા માટે હાનિકારક છે અને તેમાં વપરાતા કેમિકલ્સથી પર્યાવરણને પણ નુકસાન થાય છે. ત્યારે તેમણે નારિયેળ તેલ, ઔષધીય વનસ્પતિઓ , બદામ, કેસુડો, તુલસી વગેરેનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારના સાબુ તૈયાર કર્યા.

(બાઇટ : અંજનાબેન પરમાર, ઉદ્યોગસાહસિક)

. . . . .